જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૧૨/૨૦૨૦ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૬૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૭૧ | ૧૪ | ૧૦૯૮૫ | ૧૭૧૧૧ | ૧૪ | ૧૭૧૨૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૪૧ | ૧૭ | ૪૬૫૮ | ૬૧૬૨ | ૧૭ | ૬૧૭૯ |
| 3 | કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૪૧ | ૬ | ૨૪૭ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૦૦૭૧ | ૪૨૨ | ૨૦૪૯૩ | ૨૧૧૫૩ | ૪૨૭ | ૨૧૫૮૦ |
| કુલ | | ૩૫૭૪૫ | ૪૫૩ | ૩૬૧૯૮ | ૪૪૬૬૭ | ૪૬૪ | ૪૫૧૩૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૬ | ૧૫,૧૯,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૭૮ | ૩૯,૭૮,૦૦૦/- |

# માસ્ક અને અનાજ વિતરણ

**સરખેજ પોલીસ સ્ટેશન**

સરખેજ પો.સ્ટે વિસ્તારમા રહેતા જરૂરિયાતમંદ સિનિયર સીટીઝનને એન.જી.ઓ.ની મદદથી સરખેજ પોલીસ સ્ટેશનની “શી” ટીમ દ્વારા જરૂરિયાતમંદ સિનિયર સીટીઝનના ઘરે-ઘરે જઈ વિના મૂલ્યે અનાજ અને માસ્ક વિતરણ કર્યુ હતુ.









# ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન

## ગણતરીના કલાકોમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ
## ચોરીએ ગયેલ મુદ્દામાલ રોકડા રૂપીયા ૨૦૦૦૦/- મુદ્દામાલ સાથે બે ઈસમો ઝડપાયા

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા:-૧૪/૧૨/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના **પો.કો લાલજીભાઈ જહાભાઈ બ.નં.૬૪૬૨ તથા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૧** નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ વન્ડર પોઈન્ટ ચાર રસ્તા ખાતે જાહેરમા પંચો તથા સ્ટાફના માણસો સાથે વોચ તપાસ કરતા આરોપીઓ નં.૧ જયેશ સ/ઓ રાજુભાઈ અમીતભાઈ યાદવ ઉવ:૧૯ રહે:તારાચંદની ચાલી મહાવીરનગર અમરાઈવાડી અમદાવાદ શહેર મુળવતન ગામ:દેવરીયા થાના:વીજયપુર જી:ગોપાલગંજ ઉત્તરપ્રદેશ તથા નં.૨ સુભમ સ/ઓ વિજયભાઈ ભગવાનભાઈ કુશ્વાહ ઉવ:૧૯ રહે:શીવનગર સોસાયટી નુતન સ્કુલની પાછળ હાટકેશ્વર રોડ ખોખરા અમદાવાદ શહેર મુળવતન ગામ:ખીધરપુરા તા:મહેગાવ જી:ભિંડ મધ્યપ્રદેશ નાઓને રામોલ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૧૭૮૭-એ ઈપીકો કલમ ૩૮૦,૪૫૭ ૧૧૪ મુજબના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ રોકડા રૂપીયા ૨૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી કાયદેસર કાર્યવાહી અરી અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.

**ક્રાઈમ બ્રાન્ચ**

## અગાઉ ઘરફોડ ચોરીઓમાં પકડાયેલ ત્રણ ઈસમોને કિંમત રૂ. ૪૨૦૦૦/- ની મત્તાના ઘરફોડના મુદ્દામાલ સાથે પકડી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ઘરફોડ ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૧૩/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના એ.એસ.આઈ. વિજયસિંહ ઇશ્વરસિંહ તથા હે.કો. ઇમ્તીયાઝઅલી ઉમરાવઅલી નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે વાસણા બસ સ્ટેન્ડ પાસેથી આરોપીઓ (૧) જીતુભાઈ સ/ઓ કિશનભાઈ વરૂભાઈ દાતણીયા ઉ.વ.૨૩ રહે: બ્લોક નં.૨ મ.નં.૪૯ ઔડાના મકાન, ભાટા ગામ, વાસણા, અમદાવાદ શહેર મુળવતન:- ગામ બાલીસણા, તા.જી પાટણ (૨) વિનોદ ઉર્ફે અજય ઉર્ફે પટેલ સ/ઓ પોપટભાઈ વાડીલાલ દાતણીયા ઉ.વ.૨૬ રહે: બ્લોક નં.૧૬ મ.નં.૮૪ ઔડાના મકાન ભાટા ગામ વાસણા અમદાવાદ શહેર (૩) સુનીલ ઉર્ફે ઉંદરી સ/ઓ કિશનભાઈ વરૂભાઈ દાતણીયા ઉ.વ.૩૨ રહે: બ્લોક નં.૨ મ.નં.૪૯ ઔડાના મકાન, ભાટા ગામ, વાસણા, અમદાવાદ શહેર મુળવતન:- ગામ બાલીસણા, તા.જિ. પાટણ નાઓને ઘરફોડ ચોરીનો મુદ્દામાલ ફ્રિઝ-૧, સેમસંગ કંપનીનું ૩૨ ઈંચનું L.E.D. T.V.-૧ ,લેપટોપ-૨, ડીજીટલ પ્લેયર (એમ્પ્લીફાયર)-૧, પિત્તળ (બ્રાસ) ની ગણપતિની મુર્તિઓ નંગ-૨ મળી કુલ કિં.રૂ.૪૨૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કરેલ છે.

## આરોપીઓનો પુર્વ ગુનાહિત ઇતિહાસ

પકડાયેલ આરોપી પૈકી આરોપી નં.(૧) જીતુ દાતણીયા સને ૨૦૧૬, ૨૦૧૭ , ૨૦૧૮ માં એલીસબ્રીજ, નારણપુરા, વેજલપુર, નવરંગપુરા, વાસણા, કારંજ પો.સ્ટે કુલ્લે ૦૬ ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે તેમજ પાસા હેઠળ રાજકોટ તથા સુરત લાજપોર જેલમાં ગયેલ છે તેમજ આરોપી નં.(૨) વિનોદ ઉર્ફે અજય ઉર્ફે પટેલ સને-૨૦૧૭ માં નારણપુરા તથા વેજલપુર પો.સ્ટે. માં ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે અને રાજકોટ જેલમાં પાસા હેઠળ જઇ આવેલ છે. તેમજ આરોપી નં.(૩) સુનીલ ઉર્ફે ઉંદરી દશેક વર્ષ અગાઉ શાહપુર પો.સ્ટે. માં ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ છે.

## શોધાયેલ ગુન્હો

આજથી વીસેક દિવસ અગાઉ બપોરના આશરે બે-અઢી વાગ્યાના અરસામાં ગુજરાત યુનિવર્સસીટી વિસ્તારમાં સુરભી ફ્લેટની સામે આવેલ સુભાષ સોસાયટીમાં એક મકાનમાંથી ફ્રિઝ, L.E.D. T.V.-૨, લેપટોપ-૨, ડીજીટલ પ્લેયર એમ્પ્લીફાયર-૨, પિત્તળ ગણપતિની મુર્તિઓ નંગ-૨ તથા બીજો પરચુરણ સામાનની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે બાબતે નીચે મુજબનો ગુનો શોધાયેલ છે.

(૧) ગુજ.યુનિ.પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૭૨૦૧૦૯૩/૨૦ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦

પકડાયેલ આરોપીઓએ આ સિવાય અન્ય આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તે બાબતે તેઓની સઘન પુછપરછ ચાલુ હોય આવા પ્રકારના બીજા પણ ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વાસણા પોલીસ સ્ટેશન

## વાસણા પોલીસ સ્ટેશન હદ માથી સિનિયર સીટીઝન મહીલાના હાથ માથી નજર ચુકવી સોનાની બંગડીઓની ચોરી કરનાર આરોપીઓને મુદ્દામાલ તથા ચોરીના કામે ઉપયોગમા લીધેલ વાહનો સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરતી વાસણા પોલીસ

માનનીય પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા સંયુકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ શ્રી પ્રેમસુખ ડેલુ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એમ" ડિવીઝન વી.જી.પટેલ સાહેબ નાઓની સુચના તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એમ.સોલંકી નાઓના સીધા માર્ગદર્શન હેઠળ મીલકત સંબંધી બનેલ ગુના તથા વાહન ચોરીના બનેલ ગુના શોધી કાઢવા આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. જે.બી.પરમાર તથા સાથેના સ્ટાફના હે.કો. જયેન્દ્રસિહ વિક્રમસિહ તથા પો.કો.લકધીરસિહ રતુભા તથા પો.કો.વિજયસિંહ હનુભા તથા પો.કો.દીગ્વીજયસિહ દીપસંગભાઇ તથા પો.કો. જીતેદ્રસિહ દશરથસિહ તથા પો.કો.જયવીરસિહ રાજુભા તથા પો.કો.મીહીરભાઇ હસમુખભાઇ તથા પો.કો.રાજુભાઇ લાખાભાઇ તથા લોકરક્ષક જયેશભાઇ પ્રતાપભાઇ તથા લોકરક્ષક મનોજકુમાર ખેમચંદભાઇ વિગેરે સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન વાસણા પો.સ્ટે. પાર્ટ-એ.ગુ.ર.નં-૧૦૮૯/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)૧,૧૧૪ મુજબનો ગુનો અનડિટેક્ટ હોય જે ગુનાના કામે ગુનાવાળી જગ્યા તથા આજુ-બાજુના સી.સી.ટી.વી. ફુટેજ મેળવી તથા એનાલીસીસ કરતા સી.સી.ટી.વી. ફુટેજમાં ગુનો આચરનાર આરોપીઓ એક નંબર વગરની ઓટો રીક્ષામાં આ ગુનો આચરેલ હોવાનું તથા બાજુમાં એક સુપર સ્પ્લેન્ડર મો.સા. શંકાસ્પદ જણાઇ આવેલ જેની તપાસમાં રોકાયેલ દરમ્યાન આજ-રોજ પો.કો.જીતેંન્દ્રસિહ દશરથસિહ તથા વિજયસિહ હનુભા નાઓને ખાનગી રાહે મળેલ  બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) ભરતભાઇ ઉર્ફે બાવલો સ/ઓ સુનિલભાઇ જાતે- મીઠાપરા રહે,ગામ-ટીમ્બા રામજીમંદીર પાછળ વાલ્મીકીવાસની જોડે તા-ગારીયાધાર જી-ભાવનગર તથા (૨) કરણ ઉર્ફે લંગડો સ/ઓ રાજુભાઇ વળંગીયા (દેવીપુજક) ઉ.વ.૧૯ રહેવાસી,ગામ-શાખપુર પ્લોટ વિસ્તાર ખોડીયાર માતાના મંદીર પાસે તા-લાઠી જી-અમરેલી તથા (૩) ધીરુભાઇ  દેવાભાઇ મીઠાપરા ઉ.વ.૨૩ રહેવાસી,ગામ-શાખપુર પાણીના ટાંકા પાસે કેદાભાઇ રબારી સરપંચના ઘરની પાસે તા-લાઠી જી-અમરેલી નાઓને આજ-રોજ કલાક-૧૫/૦૦ વાગે અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## કબજે કરેલ મુદામાલ

(૧) ઓટો રીક્ષા કિ,રૂ,૮૦,૦૦૦/- ના  મત્તાની તથા (૨) એક હિરો સુપર સ્પ્લેન્ડર મો.સા જેની કિ,રૂ,૩૫.૦૦૦/- તથા (૩) બે તોલા વજનની સોનાની બે બંગડીઓ જેની કિ,રૂ,૪૦,૦૦૦/- ના મત્તાની તથા  (૪) મો.ફોન નંગ-૧ કિ,રૂ,૧૦,૦૦૦/- ના મત્તાનો તથા (૫) રોકડ રૂપિયા ૧૫૫૦/- મળી કુલ્લે કિં.રૂ.૧,૬૬,૫૫૦/- ના  મત્તાનો મુદામાલ.

## આરોપીનો ગુનાહીત ઈતિહાસ

આ કામે અટક કરવામા આવેલ આરોપીઓ પૈકી આરોપી નં-૧ ચાર વર્ષ પહેલા ઇસનપુર પો.સ્ટે ખાતે તથા  સને ૨૦૧૯ મા નવરંગપુરા પો.સ્ટે, નારણપુરા પો.સ્ટે, ઘાટલોડીયા પો.સ્ટે તથા માધવપુરા પો.સ્ટે. મા આવા જ પ્રકારના ગુનાઓમા પકડાયેલ છે અને રાજકોટ ખાતે પાસાની સજા ભોગવેલ છે.



## રામોલ પોલીસ સ્ટેશન

## મોબાઈલ ફોનની ચોરી કરતા ઈસમને પકડી પાડતી રામોલ પોલીસ ચોરીએ ગયેલ મુદ્દામાલ મોબાઈલ ફોન કીમત રૂપિયા ૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપાયો

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:-૧૩/૧૨/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના **પો.કો અજયસિંહ પ્રતાપસિંહ બ.નં.૩૮૩૨ તથા પો.કો યોગીરાજસિંહ પધ્યુમનસિંહ બ.નં.૧૧૮૫૭** નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપી **વિશાલ ઉર્ફે વિકાસ જગદીશભાઈ દંતાણી** ઉવ:૧૯ રહે:રામોલ કેનાલ પાસેના છાપરામાં મહાદેવ એસ્ટેટની બાજુમાં રામોલ અમદાવાદ શહેર_ને તેના કબજા માંથી ચોરી કરેલ મુદ્દામાલ ઓપો એ-૫ મોબાઈલ ફોન કીમત રૂપીયા ૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી આરોપીની પુછપરછ દરમ્યાન તા:૧૧/૦૮/૨૦ ના રોજ સદર મોબાઈલ ફોન રામોલ કૃષ્ણ દર્શન સોસાયટી જામફળવાડી ખાતે એક મકાનની કુલ્લી બારી માંથી ચોરી કરી લીધેલ હોવાની કબુલાત કરતા આરોપી પાસેનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી ઉપરોક્ત ચોરી બાબતે આરોપી વિરૂધ્ધ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૧૭૯૮-એ ઈપીકો કલમ ૩૭૯ મુજબ ગુનો દાખલ કરી આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન

## ભારતીય બનાવટનો વિદેશીદારૂની બોટલો નંગ-૨૮૮ કિં.રૂ.૧,૬૨,૭૨૦/- તથા ભારતીય બનાવટનો વિદેશીદારૂના ક્વાટરીયા નંગ-૧૪૪ કિં.રૂ.૨૦,૧૬૦/- તથા અન્ય મુદ્દામાલ મળી કુલ્લે રૂ.૪,૮૩,૮૮૦/- નો મુદ્દામાલ પકડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી કાગડાપીઠ પોલીસ

આગામી નાતાલ તથા ૩૧ ડીસેમ્બરનો તહેવાર અનુસંધાને પ્રોહિની અસામાજીક પ્રવૃતી અટકાવવા તેમજ અસરકાર કામગીરી કરવા સારૂ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે તેમજ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસન અનુસંધાને લોકડાઉન કરફ્યુ જાહેર કરેલ હોય જે લોકડાઉન કરફ્યુ અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ ફરવા તેમજ પ્રોહિની અસામાજીક પ્રવૃતી કરતા જણાઇ આવેથી કાયદેસરની કાર્યવાહિ કરવા પોલીસ ઇન્સ્પેકટરશ્રી પી.કે.પટેલ સાહેબ નાઓએ માર્ગદર્શન તેમજ સુચના કરેલ હોય જે માર્ગદર્શન તથા સુચના મુજબ આજરોજ તા.૧૪/૧૨/૨૦૨૦ ના રોજ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા-ફરતા કલાક ૦૦/૧૫ વાગે એસ.ટી.ગીતા મંદિર ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર આવતા હે.કો.સંજયકુમાર દશરથભાઇ તથા લોકરક્ષક કુણાલભાઇ દિનેશભાઇ તથા લોકરક્ષક યોગેન્દ્રસિંહ ખુમાનસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે “એક સફેદ કલરની ઇનોવા ફોરવ્હીલ ગાડી નં.GJ-01 HN-5710 નો ચાલાક ગાડી ચલાવી લાવી ગીતા મંદિર લાટી બજાર-૦૧ ની પાછળ પઠાણની ચાલીના નાકા પાસે ઉભી રાખેલ છે અને તેમાં કેટલોક ગેર કાયદેસર વિદેશીદારૂનો જથ્થો છે” વિગેરે મતલબની બાતમી હકિકત આધારે બાતમી હકીકતવાળી જગ્યાએ રેઇડ કરતા બાતમીમાં જણાવેલ સફેદ કલરની ઇનોવા ગાડી નં. GJ-01 HN-5710 ને કોર્ડન કરી ડ્રાયવર સીટ ઉપર બેસેલ ઇસમને પકડી સદરીનું નામઠામ પુછતા પોતાનું નામ મનોજ ઉર્ફે મનીયો સ/ઓ લાલજીભાઇ અમથાજી જાતે.ચૌહાણ ઉ.વ.૩૪ રહે.ઠાકોરવાસ પ્રાથમિક સ્કુલની પાસે, નારોલ ગામ નારોલ અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવેલ અને સદરી ઇનોવા ગાડીમાં તપાસ કરતા અલગ-અલગ કંપનીના કુલ-૨૭ પુઠાના બોક્ષ મળી આવેલ. જે તમામ બોક્ષમાં જોતા નીચે મુજબની બોટલો/ક્વાટરીયા મળી આવેલ.

(૧) ROYAL CHALLENGE gold WHISKY ૭૫૦ ML ની ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલ નંગ-૨૪ કિ.રૂ. ૧૨,૪૮૦/- (૨) McDowell's No.1 CELEBRATION MATURED XXX RUM ૭૫૦ ML ની ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલ નંગ-૧૨ કિ.રૂ.૪,૦૮૦/- (૩) BAGPIPER DELUXE WHISKY ૭૫૦ ML ની ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલ નંગ-૨૫૨ કિ.રૂ. ૧,૪૬,૧૬૦/- તથા (૪) Officer's Choice PRESTIGE WHISKY ૧૮૦ ML ની ભારતીય બનાવટની વિદેશીદારૂ ભરેલ ક્વાટરીયા નંગ-૧૪૪ કિ.રૂ.૨૦,૧૬૦/- મળી કુલ્લે કિં.રૂ.૧,૮૨,૮૮૦/- નો જથ્થો તથા ઇનોવા ફોરવ્હીલ ગાડી નંબર GJ-01 HN-5710 ની કિં.રૂ.૩,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૨ કિં.રૂ.૧,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૪,૮૩,૮૮૦/- નો મુદ્દામાલ મળી આવતા ઉપરોક્ત પકડાયેલ ઇસમ મનોજ ઉર્ફે મનીયો સ/ઓ લાલજીભાઇ અમથાજી જાતે.ચૌહાણ ઉ.વ.૩૪ રહે.ઠાકોરવાસ પ્રાથમિક સ્કુલની પાસે, નારોલ ગામ નારોલ અમદાવાદ શહેર તેમજ વિદેશીદારૂનો જથ્થો મોકલનાર હિતેષ ઉર્ફે મુન્નાભાઇ ધીરૂભાઇ પટેલ રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ શ્રીજી વિધ્યાલયની સામે બાપુનગર અમદાવાદ શહેર તથા વિદેશીદારૂનો જથ્થો મંગાવનાર પ્રવિણ ઉર્ફે માયા રમેશભાઇ ઠાકોર તથા અન્ય ઇસમોની વિરૂધ્ધમાં કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦ ૧૪૫૮/૨૦૨૦ ધી પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ ફરીયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહિ કરી ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## પાસાના ઘણા સમયથી નાસતા ફરતા આરોપીને શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં શરીર સબંધી ગુનામાં પકડાયેલ આરોપી નામે દેવેન્દ્રસિંગ સુગરસિંગ જાતે. કુશવાહ ઉ.વ.૩૪ રહે.રામચંદ્ર કોલોની, પાણીની ટાંકી પાસે, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ. બહાદુરપુરા તા.જી.ભીંડ મધ્યપ્રદેશ નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૬૭/૨૦૧૭ ઈ.પી.કો કલમ ૩૨૪,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૫૩/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૯૨,૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેને પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧/૨૦૨૦ તા.૦૩/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય અને સદરી પાસા અટકાયતી ઈસમ ઘણા સમયથી નાસતો ફરતો હોય સદરી અટકાયતી ઈસમને પકડી આજરોજ તા.૧૪/૧૨/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૪/૧૨/૨૦૨૦

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**(૧) પો.કો. ચેતનસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૮૪૬૭** **(૨) પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૨૧૪૩**
**(૩) લોકરક્ષક કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩** **(૪) લોકરક્ષક અરૂણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭**
**(૫) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦** **(૬) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫**



## **ક્રાઈમ બ્રાન્ચ**

# **કલોલ તાલુકા પો.સ્ટે. ના એક માસ અગાઉ થયેલ અનડીટેક્ટ મર્ડરના ગુન્હાના મુખ્ય આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના માર્ગદર્શન હેઠળ સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ કલોલ સઈજ બ્રિજ અમદાવાદ તરફ જતા રોડની સાઈડની ઝાડીઓમાં એક અજાણ્યા પુરુષને કોઈ અજાણ્યા આરોપી દ્વારા માથાના તેમજ ગળાના ભાગે ધારદાર હથિયાર વડે ગંભીર ઈજાઓ કરી તેમજ શરીરે વધતી ઓછી ઈજાઓ પહોંચાડી મોત નિપજાવેલ હાલતમાં લાશ મળી આવેલ. જે અંગે કલોલ તાલુકા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૨૨૦૦૬૩૫/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ.

જે ગુનાની તપાસ દરમ્યાન ગાંધીનગર એલ.સી.બી. દ્વારા ગુનાનો ભેદ ઉકેલવામાં આવેલ અને આ કામે મરણ જનાર અજાણ્યો પુરુષ આમીર ઈસરારભાઈ શેખ રહે. બ્લોક નં.૩૧/૯૮૧ વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયાં વટવા અમદાવાદ શહેર નાઓનું મોત નિપજાવનાર તેની પડોશમાં રહેતા બે સગા ભાઈઓ (૧) આશીફ ઉર્ફે ટાંપો રુસ્તમભાઈ શેખ (૨) નુરમહંમદ ઉર્ફે સલમાન રુસ્તમભાઈ શેખ તથા તેઓનો મિત્ર (૩) મોહંમદ આરીફ ઉર્ફે બાંગો રફીકભાઈ શેખ નાઓની સંડોવણી જણાઈ આવેલ. આ કામે મરણ જનાર આમીર શેખ ઉપરોક્ત બંને ભાઈઓની પડોશમાં રહેતો હોય જેથી તેની સાથે અવાર-નવાર તેઓને ઝઘડા થતા હોય અને પોલીસ કેસ પણ થયેલ હોય આ ઝઘડાથી કંટાળી જઈ આ બંને ભાઈઓએ તેઓના મિત્ર મોહંમદ આરીદ ઉર્ફે બાંગા સાથે મળી મરણ જનાર આમીર શેખને ઓટો રિક્ષામાં બેસાડી કલોલ તરફ લઈ જઈ માર મારી ગળું કાપી તેની હત્યા કરી લાશને ફેંકી દીધેલ હોવાની હકીકત જણાઈ આવેલ.

આ ગુનામાં સંડોવાયેલ ત્રણ આરોપી પૈકી આરોપી (૨) નુરમહંમદ ઉર્ફે સલમાન રુસ્તમભાઈ શેખ તથા (૩) મોહંમદ આરીફ ઉર્ફે બાંગો રફીકભાઈ શેખ નાઓ અગાઉ પકડાઈ ગયેલ હતા અને આ ગુનાનો મુખ્ય આરોપી નં.(૧) આશીફ ઉર્ફે ટાંપો રુસ્તમભાઈ શેખ જેણે મરણ જનારને છરી મારેલ હતી તે પકડાયેલ ન હતો અને નાસતો ફરતો હતો.

જે નાસતા-ફરતા આરોપી આશીફ ઉર્ફે ટાંપો રુસ્તમભાઈ શેખ બાબતે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર નાઓને ચોક્કસ બાતમી હકીકત મળેલ. જે બાતમી હકીકત આધારે ઈસનપુર ચાર રસ્તા પાસેથી આરોપી આશીફ ઉર્ફે અલગસે ઉર્ફે સડેલો ઉર્ફે ટાંપો રુસ્તમભાઈ અમીરભાઈ શેખ ઉ.વ.૩૨ રહે. બ્લોક નં.૩૧/૯૭૬, વસંત ગજેન્દ્ર ગડકરનગર, ચાર માળીયાં, વટવા, અમદાવાદ શહેર નાને પકડી લેવામાં આવેલ અને સદરીની પુછપરછ દરમ્યાન ઉપરોક્ત કલોલ પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં તેમજ અમદાવાદ શહેરના અન્ય ગુન્હાઓ મળી નીચે મુજબના કુલ-૩ ગુનાઓમાં વોન્ટેડ હોવાનું જણાઇ આવેલ.

(૧) કલોલ તાલુકા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૨૨૦૦૬૩૫/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

(૨) વટવા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૦૧૦૪૦/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ.

(૩) વટવા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૦૧૦૫૫/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ.

## આરોપીનો પુર્વ ગુનાહિત ઇતિહાસ

પકડાયેલ આરોપી આશીફ ઉર્ફે અલગસે ઉર્ફે સડેલો ટાંપો રુસ્તમભાઈ શેખ ગુન્હાહિત પુર્વ ઈતિહાસ ધરાવે છે. તે લુંટફાટ કરવાની તેમજ શરીર સંબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળો છે. તે અગાઉ ૧૩ થી વધુ ગુનાઓમાં પકડાયેલ છે. જેમાં સને ૨૦૧૧ માં કાગડાપીઠ પો.સ્ટે. માં લુંટના ગુનામાં, સને-૨૦૧૩ માં મણિનગર, નવરંગપુરા તથા કાગડાપીઠ પો.સ્ટે. માં લુંટ તથા વાહનચોરીના ગુનાઓમાં, સને ૨૦૧૫ માં વટવા તથા રીવરફ્રન્ટ પો.સ્ટે. માં લુંટ તથા વાહનચોરીના ગુનાઓમાં, સને ૨૦૧૬ માં ક્રાઈમબ્રાન્ચમાં હથિયારના ગુનામાં, સને ૨૦૧૭ માં વટવા તથા શાહીબાગ પો.સ્ટે. માં લુંટના ગુનામાં, સને ૨૦૧૯ માં વટવા પો.સ્ટે. માં લુંટના ગુનામાં પકડાયેલ છે. તેમજ ગુજરાત રાજ્યની અલગ-અલગ જેલોમાં સાતેક વખત પાસા હેઠળ પણ જઈ આવેલ છે અને તડીપાર પણ થયેલ છે.

આ આરોપીએ આ સિવાય બીજા કોઈ ગુન્હા આચરેલ છે કે કેમ તેમજ તેની સાથે અન્ય કોઈ ઈસમો સંડોવાયેલ છે કે કેમ તે બાબતે સદરીની સઘન પુછપરછ ચાલું છે.



# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## મિલકત સંબંધી તથા શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ચોરી તથા મારામારી ગુનામાં પકડાયેલ આરોપી નામે પવન ઉર્ફે બેટરી રણજીતસિંહ જાતે સોલંકી ઉ.વ.૨૩ રહે.શાંતિનગરની ચાલી, ઘનશ્યામ ફ્લેટ સામે, રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં. (૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૭૫૪/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯,૪૨૭,૧૧૪ મુજબ તથા નં. (૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૦૭૪/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી /ડીટીએન/પાસા/૧૩૦૯/૨૦૨૦ તા.૧૪/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૧૪/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૪/૧૨/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૨) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૩૪૨ લીટર દેશી દારૂ, ૭૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન, ૧ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૫/૨૦૨૦**

**સાબરમતીઃ** હંષાબહેન દિનેશચન્દ્ર વાઘેલા (ઉ.વ.૫૯) (રહે. એલ.આઇ.જી-૩ ૫/૨૦૮ રામેશ્વર પાર્ક ફ્લેટ આદીત્ય ગ્રીન બાજુમાં ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) સાબરમતી ગુજરાત રાજય વિમા યોજનાના દવાખાનામાં પટાવાળા તરીકે નોકરી કરે છે. જેઓ તા.૧૪/૧૨/૨૦૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે દવાખાના બહાર ચાની કિટલી પર ચા પીવા ગયા હતા ત્યારે ત્રણ અજાણી સ્ત્રીઓ મળી હતી. જે સ્ત્રીઓને હંસાબહેનને વાતચીત કરી વિશ્વાસમાં લઈ હંસાબહેન ઉપર કોઈએ મેલી વિદ્યા કરેલ છે તમારે વિધી કરાવવી પડશે તેમ કહી તે પૈકીની એક સ્ત્રીએ બાથરૂમ કરવાના બહાને હંસાબહેનને દવાખાનાની અંદર લઈ જઈ હંસાબહેનને મેલી વિદ્યાની વિધી કરવા સોનાના દાગીનાની જરૂર પડશે તેમ કહી હંસાબહેને પહેરેલ સોનાની વિંટી નંગ-૧ કિમત રૂપિયા ૭૦૦૦/- કઢાવી લઈ તેમજ સોનાની જોડ પણ જરૂર પડશે તેમ કહી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- કઢાવી લઈ એક કલાક પછી પરત આવવાનું કહી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૬/૨૦૨૦**

**શહેરકોટડાઃ** મહેશભાઇ જાલુભાઇ પટણી (રહે. બોમ્બે હાઉસિંગ બોર્ડ નુતનમીલ કમ્પાઉન્ડ મંછાની મસ્જીદ પાસે સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૦ રાતના ૧૧/૩૦ થી તા.૧૪/૧૨/૨૦૨૦ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાર્જીંગમાં મુકેલ મોબાઇલ ફોન કિમત રૂપિયા ૭,૦૦૦/- અને તિજોરીમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એલ.જેબલીયા ચલાવે છે.

**નારોલઃ ચિરાગકુમાર** રમેશભાઇ પટેલ (રહે. નીશાન રેસીડેન્સી આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૨૦૨૦ કલાક ૧/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ પીપળજ દેવરાજ એસ્ટેટમાં આવેલ હેડ્રોલાઇન્સ પ્રા.લી.કંપનીની ઓફીસના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**નરોડાઃ** પ્રતીકકુમાર મહેન્દ્રકુમાર શુક્લા (રહે. મારૂતી હોમ્સ કોરલ બંગ્લોઝની બાજુમા નાના ચીલોડા નરોડા) એ તા.૧૪/૧૨/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૨૦ કલાક ૧૧/૩૦ થી તા.૧૨/૧૨/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન નાના ચીલોડા એસ.પી.રીંગરોડ કાકા ભાજીપાઉ પાછળ આવેલ સ્ટાર લાઇન સ્ટાર્સ અમાદાવાદ પ્રા.લી.(અરેના) શો-રૂમના ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી આઠ ઈકો ગાડીઓના સાયલન્સર કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- કાઢી ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૭/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** દશરથબા સુરેશસિહ સોલકી (ઉ.વ.૨૧) (રહે. દિપનગર સિલવર રેસીડન્સી સામે કઠવાડા રોડ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.વાઘેલા ચલાવે છે.

**કાગડાપીઠઃ** તક્ષક ગણપતભાઇ પરમાર (ઉ.વ.૨૦) (રહે. વિજયનગર સોસાયટી વેદમંદિર રોડ કાંકરીયા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૨/૨૦૨૦ સાજના ૭/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રવિકાન્ત બચુભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી